ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો તથા આશ્રમશાળાઓમાં છાત્રોની જાતિવાર પ્રવેશની ટકાવારી સ્વૈચ્છીક સંસ્થાઓ ધ્વારા ચલાવવામાં આવતા નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અમશ-૧૦૧૪-૭૪૫૬૦- ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૫/૯/૨૦૧૪.

<u>વંચાણે લીધાઃ</u>

(૧) ભૂતપૂર્વ મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૮-૫-૭૯ ના ઠરાવ ક્રમાંકઃ અમશ-૧૪૭૮-૨૫૫૯૨-છ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬-૬-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ ગઅછ-૧૫૨૦૫-૧૪૧૭- ગ.

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૫-૨-૨૦૧૪ પત્ર ક્રઃ અજાક- ગ.- આ.શા.૨૦૧૪-૩૩૫.

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭-૬-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ અમશ-૧૦૧૪-૭૪૫૬૦- ગ.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૩-૯-૨૦૧૪ પત્ર ક્રઃ અજાક- ગ.- આ.શા.— ૨૦૧૪-૨૭૯૦.

(૬) પ્રમુખશ્રી, આશ્રમશાળા છાત્રાલય સંચાલક મંડળના તા.૪-૮-૨૦૧૪ નો પત્ર.

<u>ઠરાવઃ-</u>

રાજયમાં અનુસૂચિત જાતિના વર્ગો માટે સહાયક અનુદાનના ધોરણે સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત છાત્રાલયો / આશ્રમશાળાઓમાં જાતિવાર પ્રવેશ આપવા માટે ઉપર દર્શાવેલ ક્રમ-૧ તા.૨૮-૫-૭૯ ના ઠરાવથી અને ત્યાર પછીના ક્રમ(૨) ઉપર દર્શાવેલ તા.૬-૬-૨૦૦૫ના ઠરાવથી જાતિવાર પ્રવેશના પ્રમાણ અંગેના ધોરણો નકકી કરવામાં આવેલ છે. ત્યાર પછી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગરના ઉપર દશાર્વેલ (ક્રમ-૩) તા.૨૫-૨-૨૦૧૪ ના પત્રથી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો તથા આશ્રમશાળાઓમાં જાતિવાર પ્રવેશની ટકાવારી રાખવા દરખાસ્ત કરવામાં આવેલ હતી તે ધ્યાને લઇ પ્રવેશ આપવા સરખા ક્રમાંકના તા.૧૭-૬-૨૦૧૪ના ઠરાવથી પ્રવેશની ટકાવારી નિયત કરવામાં આવેલ હતી. જેમાં ફેરફાર અંગે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના આમુખ (૫) અને (૬) ના તા.૩-૯-૨૦૧૪ ના પત્ર તથા તા.૪-૮-૨૦૧૪ ના પત્રથી પ્રમુખશ્રી આશ્રમશાળા છાત્રાલય સંચાલક મંડળના રજુઆતને

ધ્યાને લઇ પ્રસ્તુત બાબતે ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુનઃ વિચારણા કર્યા બાદ સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો / આશ્રમશાળાઓમાં નીચે જણાવ્યા પ્રમાણે જાતિવાર પ્રવેશ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

અનુસૂચિત જાતિના બાળકો માટેના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો / આશ્રમશાળાઓમાં પ્રથમ અનુસૂચિત જાતિના બાળકોને અગ્રતા આપવાની રહેશે. અને જો અનુસૂચિત જાતિના પુરતા બાળકો ન મળે તો ખાલી રહેલ જગ્યાઓ ૩૦ ટકા સા.શૈ.રીતે પછાતવર્ગના આર્થિક રીતે પછાતવર્ગના બાળકો તેમજ ૧૦ ટકા અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રવેશ આપવાનો રહેશે. તેમજ સા.શૈ.રીતે પછાત વર્ગ આર્થિક રીતે પછાત વર્ગ/ અનુસૂચિત જનજાતિના ૪૦ ટકા બાળકોને પ્રવેશ આપી જગ્યા ભરી શકાશે. સા.શૈ.પછાતવર્ગના આર્થિક રીતે પછાતવર્ગના બાળકોના ૩૦ ટકા અને ૧૦ ટકાના બંનેના ભેગા ૪૦ ટકા ગણી જે વર્ગના બાળકો મળે તેને પ્રવેશ આપવાનો રહેશે. પરંતુ મૂળ ટકાવારીના બાળકોને પ્રાયોરીટી આપવાની રહેશે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાએ તથા આવી સંસ્થાના સંચાલકોએ આ હુકમનો યોગ્ય અમલ થાય તે જોવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડીયલ)
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુ.રા., ગાંધીનગર
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
સેકશન અધિકારીશ્રી, અ, અ.૧, જ-શાખા, સા.ન્યા.અને અ.વિ.
સે.અ.શ્રી,કોમ્પયુટર-સેલ,વિભાગની વેબસાઇટ પર ઠરાવ મુકવાની વિનંતિ સહ.
સિલેકટ ફાઇલ.